વિભાગ હસ્તકની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ સહાય આપવાની યોજનાના ધારાધોરણો નક્કી કરવા સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

હુકમ ક્રમાંક:- SJED/ASO/e-file/17/2022/0015/G

સચિવાલય, ગાંધીનગર

તારીખ:-૨૫/૦૬/૨૦૨૪

વંચાણે લીધા : -

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: SCW/૧૦૨૦૧૬ન.બા-૨૫/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/અ-૧

હુકમ :

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના ઠરાવથી સ્પર્ધાત્મક/ભરતી પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચીંગ આપવા માટે સહાય આપવાની યોજના અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના આ વિભાગના ઠરાવથી અમલીત સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજનાઓ અંતર્ગત હાલમાં તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછુ હોય તે કોચીંગ સહાય (ડી.બી.ટી) તરીકે ચુકવવામાં આવે છે.

આ વિભાગ હસ્તકની ઉક્ત કોચીંગ સહાયની યોજનાઓના ધારા-ધોરણો નક્કી કરવા માટે સમિતિની રચના કરવાની થતી હોઈ નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | અધ્યક્ષ |
| (૨) | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |
| (૩) | સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |
| (૪) | સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |

આ સમિતિ દ્વારા યોજનાના લાભાર્થીઓ તેમજ સંસ્થાઓના ધારા-ધોરણો નિર્ધારીત કરી આ હુકમની તારીખથી દિન-૫માં અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા) સમક્ષ પ્રેઝન્ટેશન સ્વરૂપે રજૂ કરવાના રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Jun-2024 (04.32 PM)

(સંતોષ વસાવા)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના :

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (વિજાક), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (અ-૧) શાખા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ- ૨૦૨૪